# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) રાજ્ય સરકાર આગામી વર્ષોમાં પાંચ વિશ્વ કક્ષાનાં રમતોત્સવનું આયોજન કરશે
2) 2023ની એશિયન પેરા ગેઇમ્સમાં સુવર્ણ અને કાંસ્ય ચંદ્રક જીતનાર રાજ્યના બે દિવ્યાંગ પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓને રાજ્ય સેવામાં નિમણૂક અપાઈ
3) મહીસાગરની સ્થાનિક ગુના શાખાએ લુણાવાડામાં એક કરોડ રૂપિયાના વિદેશી દારૂ જપ્ત કર્યો
4) MD અને MSની બેઠકો ન ભરાતાં પીજી નીટના પર્સેન્ટાઇલમાં ઘટાડો કરવામાં આવ્યો
5) આજથી રાજ્યમાં લઘુતમ તાપમાનમાં એકથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની હવામાન વિભાગની આગાહી

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# National Basket Ball Bhavnagar

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, 2036ના ઓલિમ્પિક્સની યજમાની માટે ભારતે દાવેદારી કરી છે, ત્યારે રાજ્ય સરકાર વર્ષ ૨૦૨૫, ૨૦૨૬ તથા ૨૦૨૯ એમ ત્રણ વર્ષમાં પાંચ જેટલાં વિશ્વ કક્ષાનાં રમતોત્સવનાં આયોજન માટે પ્રયત્નશીલ છે.

ગઈ કાલે ભાવનગરમાં સિદસર સ્પોર્ટ્સ સંકુલ ખાતે 74મી સિનિયર નેશનલ બાસ્કેટબોલ સ્પર્ધાનું ઉદઘાટન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ૨૦૨૪નું વર્ષ ભારત માટે રમત-ગમત ક્ષેત્રે અનેક સફળતાનું વર્ષ બન્યું છે.

આ પ્રસંગે રમત- ગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આવનારા દિવસોમાં ગુજરાત સ્પોર્ટ્સ હબ તરીકે આગળ વધશે. ગુજરાતમાં દેશના વિવિધ ફેડરેશનો સાથે મંત્રણા કરીને અનેક રમતોનું આયોજન કરવામાં આવશે.

ગુજરાત સ્ટેટ બાસ્કેટબોલ એસોસિએશનને 30 લાખ રૂપિયા મદદની જાહેરાત કરવામાં આવી હતી.

12 જાન્યુઆરીથી ચાલનારી બાસ્કેટબોલ સ્પર્ધામાં દેશના 900 થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ ભાગ લેશે.

# CM Appoint 2 Para Chess Sports Persion

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ષ 2023ની એશિયન પેરા ગેઇમ્સની ચેસ રમતમાં સુવર્ણ અને કાંસ્ય ચંદ્રક જીતનાર રાજ્યના બે દિવ્યાંગ પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓને રાજ્ય સેવામાં નિમણૂક આપવાનો નિર્ણય કર્યો છે.આ ખેલાડીઓની રાજ્ય સરકારમાં વર્ગ ૧ અને વર્ગ-૨ના અધિકારી તરીકે નિમણૂક કરાશે.

ચોથી એશિયન પેરા ગેઇમ્સમાં પુરુષોની ચેસ રમતમાં સુવર્ણ ચંદ્રક જીતનાર દર્પણ ઇનાણીની ગુજરાત રમતગમત સત્તામંડળમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર વર્ગ ૧ તરીકે જ્યારે મહિલાઓ માટેની ચેસ રમતમાં કાંસ્ય ચંદ્રક જીતનાર ખેલાડી હિમાંશી રાઠીને તાલુકા વિકાસ અધિકારી વર્ગ-૨ તરીકે નિયુક્ત કરાશે.

# DADAM

દાડમ ઉત્પાદન ક્ષેત્રે મોરબી જિલ્લો સૌરાષ્ટ્રમાં પ્રથમ અને ગુજરાતમાં ત્રીજા ક્રમે આવે છે. અહીંનાં દાડમનું વાર્ષિક ટર્ન ઓવર 100 કરોડ રૂપિયા છે.

આ અંગે પ્રસ્તુત છે એક અહેવાલઃ

Voice Cast- Anil Patel

ઘડિયાળ અને સિરામીક ઉદ્યોગમાં વિશ્વભરમાં આગવી ઓળખ ધરાવતો મોરબી જિલ્લો કૃષિ ક્ષેત્રે પણ સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મહત્વનું સ્થાન ધરાવે છે.

બાગાયતી કૃષિમાં દાડમના વાવેતર અને ઉત્પાદનમાં મોરબી જિલ્લો અગ્રેસર છે. જિલ્લાના અંદાજિત ૨૫૦૦ ખેડૂતો દાડમની ખેતી કરે છે, જેમાંથી ૨૦૦૦ ખેડૂતો તો ફક્ત હળવદ તાલુકાના છે. હળવદ તાલુકામાં દાડમના વેચાણ માટે પાંચ ખાનગી માર્કેટિંગ યાર્ડ આવેલા છે. મોરબી જિલ્લામાં અંદાજિત ૪૫૦૦ હેક્ટરમાં અને હળવદ તાલુકામાં ૩૮૦૦ હેક્ટરમાં દાડમની ખેતી થાય છે.

દ્વિજા ફ્રુટ માર્કેટ યાર્ડના સંચાલક કાનાભાઈ પટેલ જણાવે છે કે, “હળવદ ફ્રુટ માર્કેટ યાર્ડમાં વાર્ષિક અંદાજિત ચાર હજારથી પાંચ હજાર ટન દાડમની આવક થાય છે, જેનું વાર્ષિક ટર્ન ઓવર ૨૦ થી ૨૫ કરોડ રૂપિયા જેટલું છે. આમ,

હળવદના પાંચ ફ્રુટ માર્કેટ મળી કુલ અંદાજિત સો કરોડ જેટલું વાર્ષિક ટર્ન ઓવર થાય છે. અહીંનાં દાડમની નિકાસ ભારતના વિવિધ રાજ્યો ઉપરાંત દુબઈ, મલેશિયા, બાંગ્લાદેશ, નેપાળ સહિતનાં રાજ્યોમાં થાય છે.

# Mahisagar Liquor

મહીસાગરની સ્થાનિક ગુના શાખાએ રાજસ્થાન તરફથી મહિસાગર લાવવામાં આવી રહેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂ જપ્ત કર્યો છે. ગઈ કાલે પોલિસે લુણાવાડા ટાઉન વિસ્તારમાંથી પસાર થઈ રહેલા કન્ટેનરને ઝડપીને દારૂ અને વાહન સહિત એક કરોડ 30 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કેસમાં એક આરોપીની  અટકાયત કરવામાં આવી છે.

# Ambedkar Awas Tilakvada

**રાજ્ય સરકારે અનુસૂચિત જાતિના જરૂરિયાતમંદ પરિવારને પાકું મકાન આપવા માટે ડોક્ટર આંબેડકર આવાસ યોજના અમલી બનાવી છે.**

**પ્રત્યેક પરિવારને પાકું ઘર મળે અને તેમની જીવનશૈલીમાં સુધારો આવે, અને તેઓ આત્મવિશ્વાસ તથા સ્વાભિમાન સાથે જીવે તે આ યોજનાનો ઉદ્દેશ છે.**

**આ યોજનાના નર્મદા જિલ્લા એક લાભાર્થીએ પોતાનો પ્રતિભાવ આ મુજબ આપ્યોઃ**

**(BYTE NAGIN BHAI ROHIT)**

# Vav Tharad District

બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરી વાવ-થરાદ નવો જિલ્લો બનાવવાની જાહેરાતને મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. દિયોદર, કાંકરેજ, ભીલડી સહિતના વિસ્તારના લોકોએ નવીન જિલ્લા મથક દૂર પડતુ હોવાની ફરિયાદ કરી છે. દિયોદર, થરાદ, કાંકરેજ, વાવ, ભાભર , લાખણી તાલુકાઓને મધ્યમાં પડતું હોવાથી તેઓ દિયોદર જિલ્લો બનાવવાની માંગ કરી રહ્યાં છે. જો કે, થરાદ-વાવ, લાખણી સહિત ધાનેરાનો અડધો ભાગ આ નિર્ણય આવકારે પણ છે.

ગઈ કાલે દિયોદરનાં આઝાદ ચોક ખાતે ભાજપ અને કોંગ્રેસના નેતાઓ તથા વેપારીઓએ દિયોદર, કાંકરેજ, ભીલડી વિસ્તારનાં લોકો સાથે બેઠક કરીને જનતા એ દિયોદરને જિલ્લાનું મુખ્ય મથક બનાવી ઓગડને જિલ્લો બનાવવા માટે માગ કરી હતી.

# PG MEDICAL

**પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં MD અને MSમાં પ્રવેશ માટેના બે તબક્કા પૂર્ણ થયા બાદ ઓલ ઈન્ડિયા ક્વોટાની 10 હજારથી વધુ બેઠકો ખાલી પડી હોવાથી કેન્દ્ર સરકારે હવે પ્રવેશ માટેની લાયકાત એટલે કે પીજી નીટના પર્સન્ટાઈલમાં ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. જે અંતર્ગત ત્રીજા તબક્કામાં સામાન્ય કેટેગરીમાં 15 અને અનામત કેટેગરીમાં 10 પર્સન્ટાઈલ માર્ક ધરાવતા વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. પ્રવેશ માટે 8 જાન્યુઆરીથી આ વિદ્યાર્થીઓ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે.**

**રાજ્યમાં પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલની 2101 બેઠકો પરથી બે તબક્કાના અંતે 1958 વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દેવાયો છે. હાલની સ્થિતીએ રાજ્યમાં 212 બેઠકો ખાલી છે.**

# Lunavada Lake

**રાજ્ય સરકાર દ્વારા લુણાવાડાનાં કિશન સાગર તળાવ અને અને દરરકોલી તળાવનાં સૌંદર્યીકરણની કામગીરી શરૂ કરવામાં આવી છે. નગરપાલિકા દ્વારા તળાવોને આકર્ષક બનાવી લુણાવાડા શહેરીજનો માટે વિવિધ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે.**

**આ અંગે લુણાવાડા નગરપાલિકાના ચીફ ઓફિસર નરેશ મુનીયાએ વધુ માહિતી આપી.**

**(BYTE -- Naresh Muniya Lunavada )**

# Weather

રાજ્યમાં આજથી  ઠંડીનું જોર વધવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન નલિયામાં સૌથી ઓછું 7.8 ડિગ્રી સેલ્સયસ લઘુત્તમ તાપમાન નોંધાયું છે. રાજ્યના ચાર મહાનગરમાં પણ 24 કલાકમાં લઘુત્તમ તાપમાનમાં એક થી બે ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો નોંધાયો છે. અમદાવાદ શહેરમાં  15.1 ,વડોદરામાં 16.4, રાજકોટનું 13.5  અને સુરતમાં 18.6 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. છેલ્લા 24 કલાકમાં મધ્ય

અને દક્ષિણ ગુજરાતમાં લઘુત્તમ તાપમાનમાં એક થી ત્રણ ડિગ્રી સેલ્સમાં વધારો નોંધાયો હતો.

## Ankleshwar Shivaji Statue

અંકલેશ્વર જીઆઈડીસીમાં ગઈ કાલે જોગર્સ પાર્ક નજીક મહારાષ્ટ્રિયન સેવા મંડળ દ્વારા 35 લાખ રૂપિયાનાં ખર્ચે નિર્માણ પામેલી છત્રપતિ શિવાજી મહારાજની અશ્વારૂઢ પ્રતિમાનું કેન્દ્રિય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતુ.

## panchmahostv

પંચમહાલમાં 2જી જાન્યુઆરીએ શરૂ થયેલા પંચમહોત્સવનું ગઈકાલે સમાપન થયું છે. પંચમહોત્સવના છેલ્લા દિવસે સંગીત સંધ્યામાં ગાયક મહર્ષિ પંડ્યાના સૂરોની તાલે લોકો મન મૂકીને ઝૂમ્યા હતાં. આ પ્રસંગે જિલ્લાના સ્થાનિક ગાયક કલાકારોએ પોતાની પ્રસ્તુતિ રજૂ કરી હતી. અમારા જિલ્લા પ્રતિનિધિ જણાવે છે કે મહોત્સવ દરમિયાન પાવાગઢ યાત્રાધામના વિકાસ અને માંડવી ઈકો ટુરિઝમ સાઇટ પર બનેલ ફિલ્મનું નિદર્શન કરાયું હતું.

# Somnath Gau Pujan

૧૪ જાન્યુઆરીએ મકરસંક્રાંતિ પર શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ઓનલાઈન અને ઓફલાઇન ગૌપુજન અને ગૌદાનની સુવિધા પૂરી પાડવામાં આવશે. જે ભક્તો તીર્થ સ્થાનોમાં રૂબરૂ નથી પહોંચી શકતા તેમના માટે દર વર્ષની જેમ આ વખતે પણ

શ્રી સોમનાથ મંદિરમાં ઉતરાયણના દિવસે સવારે ૦૯:૦૦ વાગ્યે ઓનલાઈન ગૌ-પૂજનનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે સવારે ૧૧:૦૦ વાગ્યે શ્રી સોમનાથ મહાદેવનો તલનો અભિષેક તેમજ સાયમ્ શ્રૃંગારમાં વિશેષ તલનો શૃંગાર કરવામાં આવશે.

ગૌ-સેવાનો લાભ લેવા ઈચ્છતા ભક્તોએ શ્રી સોમનાથ ટ્રસ્ટની વેબસાઈટ https://somnath.org પર પોતાની સેવા નોંધાવી શકે છે.